GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

# ગૂજરાત વિદ્યાપીઠમાં ઓપન એક્સેસ: ઈ-રિસોર્સની બાબતે વિદ્યાર્થીઓની જાગૃતતા

ડૉ. ભાવિકા કડીકર

અસિસ્ટન્ટ પ્રોફેસર અને ગ્રંથપાલ,ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

**સંક્ષિપ્ત**

આજના વર્તમાન યુગમાં માનવ ટેક્નોલોજીથી ઘેરાઈ ગયો છે. વિજ્ઞાન, ઈજનેર, ડિઝાઈન, ગ્રંથાલય, વગેરે જેવા દરેક ક્ષેત્રે ટેક્નોલોજી વિકાસની પા-પા પગલી નહિ પણ દોટ મુકી છે. એવી જ રીતે આ 21મી સદીનો માનવ પોતાની માહિતી જરૂરિયાતને ઝડપથી સંતોષવા ઈચ્છે છે. એટલુ જ નહિ પણ તેમણે પોતાની માહિતી જરૂરિયાત માટે પોતાના સ્થળેથી મળી રહે તે માટે ના સંશાધનો શોધતો રહે છે, તેઓ પોતાના વિષયને અનુરૂપ માહિતી જરૂરિયાતના સંદર્ભમાં માહિતી સરળતાથી મળી રહે, માહિતી પુન:પ્રાપ્તિમાં પણ સરળતા રહે, પોતાના પાસે રહેલ મોબાઈલ-કોમ્પ્યુટર જેવા સંશાધનોમાં સંગ્રહીત રાખી શકે, એવી મહત્વકાંક્ષાઓ રાખતા હોય છે. આવા સંશાધનો પુરા પાડવાની ફરજ આજની ટેક્નોલોજીએ નિભાવી છે.

**સંકેત શબ્દ: ગૂજરાત વિદ્યાપીઠ, ઓપન એક્સેસ, ઈ-રિસોર્સ, ગ્રંથાલય**

## 1. પ્રસ્તાવના

વર્તમાન માનવ પોતાની જરૂરિયાતોને સંતોષવા તથા સરળતાથી પ્રાપ્ત કરવા ગ્રંથાલયનો ઉપયોગ કરતો વધુ જોવા મળે છે. આવી જરૂરિયાતોની પૂર્તિ માટે તેઓ ઈ-ગ્રંથાલય એટલે ઈ-લાઈબ્રેરીનો ઉપયોગ પણ કરતો જોવા મળે છે. આવા ઈ-ગ્રંથાલયો દ્વારા અનેક વિષયને લગતી માહિતી તેના અપલોડ કરેલી હોય છે. એના ગ્રંથાલય

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

વિજ્ઞાનની ભાષામાં ઈ-રિસોર્સીસ કહેવામાં આવે છે. ઈ-બુક્સ, ઈ-મેગેજીન, ઈ-પેપર, બ્લોગ, વગેરે જેવા ઈ-રિસોર્સીસ જોવા મળે છે. વર્તમાન યુગમાં વિદ્યાર્થી વર્ગ આવા ઈ-રિસોર્સનો ઉપયોગ કરતો વધુ જોવા મળે છે. કેમ કે આજનો વિદ્યાર્થી ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરતા જાણે છે તથા ટેક્નોલોજીમાં જાગૃત હોય તેવા વિદ્યાર્થીઓનો વર્ગ પણ મોટો છે. આમ, સંશોધક દ્વારા અધ્યયન કરી ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓમાં ઈ-રિસોર્સ અંગેની જાગૃતતા અંગે શોધપત્ર તૈયાર કરવા વિચાર્યું.

આજના ટેક્નોલોજીના યુગમાં વિવિધ પ્રકારના પ્રકાશનો જોવા મળે છે. તેમાંથી આધુનિક માનવીની જરૂરિયાતો અને તેમની માહિતી પ્રાપ્તિની પદ્ધતિમાં આવેલ નવીનીકરણથી પ્રકાશકોએ પોતાના વાંચકો માટે બે પ્રકારના સાહિત્ય પ્રકાશિત કરતા જોવા મળે છે.

- મુદ્રિત માહિતીસ્ત્રોતો: જેમાં ગ્રંથસ્થ માહિતી સામ્રગી આવરી લેવામાં આવી હોય છે જેમ કે ગ્રંથો, સામયિકો, વાર્ષિકીઓ, નીર્દેશિકાઓ અને અન્ય ગ્રંથસ્થ સાહિત્ય
- અમુદ્રિત માહિતીસ્ત્રોતો: જેમાં ગ્રંથસ્થ ના હોય એવી એટલે વિજાણુંકીય સ્વરૂપમાં હોય જેવી કે ઈ-બુક્સ, ઈ-જર્નલ્સ, ઈ-ડેટાબેઝ વિગેરે

ઈ-પબ્લિશીંગના સંદર્ભમાં નોંધપાત્ર બાબત એ છે કે, જે સાહિત્ય વિજાણુકીય સ્વરૂપમાં એટલે કે સીડી-ડીવીડી, ઈ-જર્નલ, ઈ-બુક્સ, ઈ-ડેટા, વગેરેના સ્વરૂપમાં પ્રકાશનો દ્વારા પ્રકાશીત કરવામાં આવેલા જોવા મળે છે.

## 2. ઈ-રિસોર્સનો અર્થ અને તેની પરિભાષા

ઈ-રિસોર્સનું પુર્ણરૂપ એટલે ઈલેક્ટ્રીક રિસોર્સ, ઈલેક્ટ્રોનિક સ્ત્રોત એ એવા સંશાધન તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે કે જેને કમ્પ્યુટર એક્સેસની જરૂર હોય અથવા કોઈપણ

ઇલેક્ટ્રોનિક ઉત્પાદન કે જે ડેટાને સંગ્રહિત રાખી ઉપયોગકર્તાને ઈન્ટરનેટના માધ્યમથી સરળતાથી અને જરૂર પડે ત્યાં મળી રહે તેવા ઈ-રિસોર્સ કહેવાય છે. તેની વધુ પરિભાષાઓ નીચે મુજબ છે.

AACR2, 2005, "ઈ-રિસોર્સ એટલે કોમ્પ્યુટરાઈઝ્ડ સંશાધનો દ્વારા એનકોડ કરેલા માહિતીસ્ત્રોતો અથવા માહિતી સંશાધનોને હાથમાં લીધેલા રિસોર્સ"

Library and Information Technology Glossary, "એવી દરેક પ્રકારની માહિતી અથવા માહિતીસ્ત્રોતો કે જે ગ્રંથાલય અથવા અન્ય દ્વારા કોમ્પ્યુટરાઈઝ્ડ પદ્ધતિથી પિરસવામાં આવી હોય તેને ઈ-રિસોર્સ કહે છે"

Wikipedia, "ઈ-રિસોર્સ એટલે, એવી માહિતી કે જે વિદ્યુત સંકેતોની તૈયાર કરવામાં આવી હોય તથા તેને ઉપયોગકર્તાઓ માટે વિદ્યુત સંકોતોના સ્વરૂપમાં તૈયાર કરવામાં આવી હોય અને જે ઈન્ટરનેટના માધ્યમથી સરળતાથી મેળવી શકાય તેવા ઈલેક્ટ્રોનિક્ માહિતીસ્ત્રોતો"

Gradman Glossary, "એવા પ્રકાશનો જે ડિજિટલ સ્ટોરેજમાં સંગ્રહિત કરવામાં આવ્યા હોય તથા તેને ડિજિટલ ફોરમેટમાં વાંચી શકાય તેવા હોય તેને ઈ-રિસોર્સ કહે છે. આવા માધ્યમો સીડી-ડીવીડી, ડિસ્ક ટેપ, કોમ્પ્યુટર ટેપ, કોમ્પ્યુટર કાર્ડના રૂપમાં પણ હોય છે. "

ઈ-રિસોર્સ અથવા ઈલેક્ટ્રીક સંશાધનોમાં સંગ્રહિત ટેક્સ્ટ બુક, ઇલેક્ટ્રોનિક જર્નલ, ઈમેજ કલેક્શન, અન્ય મલ્ટિમીડિયા ઉત્પાદનો અને આંકડાકીય, ગ્રાફિકલ મટીરીયલ પણ ઈ-રિસોર્સ કહેવાય છે. અભ્યાસકર્તાઓ, વાંચકો, સંશોધકોની માહિતી જરૂરિયાતોને સંતોષવામાં બજારમાં આવા ઘણા ઈ-રિસોર્સ જોવા મળે છે. આવા હેતુઓની પૂર્તિ કરવા

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

માટે અનેક પ્રકાશકો દ્વારા ઈ-રિસોર્સ પ્રકાશિત કરવામાં આવે છે. જે સીડી રોમ, ઈન્ટરનેટ, ટેપ, ઓડિયો બુક, વગેરેના સ્વરૂપે જોવા મળે છે. એ સિવાય છેલ્લા કેટલાક વર્ષોમાં, ઘણી તકનીકો અને સંબંધિત ધોરણો વિકસિત કરવામાં આવ્યા છે જે દસ્તાવેજો બનાવવા અને ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં આપવામાં આવે છે. તેથી, વર્તમાન પરિસ્થિતિનો સામનો કરવા માટે, ગ્રંથાલયો તથા તેમના અંગત સંગ્રહનો વિકાસ કરવા, પોતાના સંગ્રહને જનધન સુધી પહોચાડવા અંગત એકાઉન્ટથી પણ ઈ-રિસોર્સ પિરસવામાં આવે છે. આવા ઈ-રિસોર્સ વપરાશકર્તાઓની જરૂરિયાતોને વધુ સારી રીતે પૂર્ણ કરવામાં આવે તેનું ખુબ ધ્યાન રાખતા જોવા મળે છે એટલુ જ નહિ તેના પર નવા માધ્યમો તરફ વળી રહ્યા છે.

છેલ્લા ઘણા વખતથી ઈ-રિસોર્સના ચુંબકીય અને મલ્ટીપલ મીડિયા પરના ઈ-સંશાધનોએ યુનિવર્સિટી લાઈબ્રેરીઓના સંગ્રહ પર મોટો પ્રભાવ પડી રહ્યો છે. કારણ કે અભ્યાસકર્તાઓની વધુમાં વધુ હેરફેર ગ્રંથાલયોમાં હોય છે અને શોધ માટેની અંતર્ગત ક્ષમતાઓને કારણે ઈ-રિસોર્સ વધુ ઉપયોગી નિવડી રહ્યા છે.

## 3. **વિષયની પસંદગી** :

વર્તમાન યુગમાં માનવ ટેક્નોલોજીથી ઘેરાઈ ગયો છે. વિજ્ઞાન, ઈજનેર જ નહિ બલ્કી ગ્રંથાલય પણ ટેક્નોલોજીથી ચલાવવામાં આવે છે અને ગ્રંથાલયો દ્વારા ઈ-રિસોર્સીસની સેવાઓ પુરી પાડવામાં આવે છે. આ સેવાઓ ઈ-બુક્સ, ઈ-મેગેજીન, ઈ-પેપર, બ્લોગ, વગેરે જેવા ઈ-રિસોર્સીસ જોવા મળે છે. આજનો વિદ્યાર્થી પણ આવા ઈ-રિસોર્સ વધુ નિર્ભર છે તથા તે ટેક્નોલોજીમાં જાગૃત પણ છે. જેથી ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓમાં ઈ-

રિસોર્સીસ પ્રત્યે જાગૃતતા છે કે કેમ તે તપાસવાના હેતું વિષયની પસંદગી કરવામાં આવી છે.

**4. સંશોધનના પ્રશ્નો**

• ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય વિવિધ માહિતીસ્ત્રોતો ધરાવે છે?

• ગૂજરાત વિદ્યાપીઠ વિવિધ ઈ-માહિતી સેવાઓ પૂરી પડે છે?

• ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં વાંચકોને તેમના જરૂરિયાત પ્રમાણે ઈ-રીસોર્સ મળી રહે છે?

• ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી ઓપન એક્સેસ અંગે જાગૃત છે?

• ગૂજરાત વિદ્યાપીઠના દરેક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ ઈ-રિસોર્સનો ઉપયોગ કરે છે?

**5. સંશોધનનો વ્યાપ અને મર્યાદા**

પ્રસ્તુત સંશોધન ગૂજરાત વિદ્યાપીઠ પુરતુ મર્યાદિત છે. 100 વર્ષથી ચાલતી ગૂજરાત વિદ્યાપીઠમાંથી અભ્યાસ કરી રહેલા તથા ત્યાંથી અભ્યાસ કરી ચુકેલાની સંખ્યા પણ જૂજ છે જેમાંથી ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ કે જેઓ ત્યાંના ગ્રંથાલયના વાંચકો છે, તેમની પ્રશ્નાવલી દ્વારા માહિતી મેળવીને તેનું સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. ઉલટું, આ કોરોના પરિસ્થિતિમાં ગ્રંથાલયના વાંચકો અને વિદ્યાર્થીઓ સાથે સંપર્ક ન થઈ શકે તેમ હોઈ, ઓનલાઈન અને ગુગલ ફોર્મના મારફતે બને તેટલી વધુ માહિતી પ્રાપ્ત કરી તેનું પૃથક્કરણ અને અર્થઘટન કરી સંશોધન કરવામાં આવ્યું છે

.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

### 6. ગૂજરાત વિદ્યાપીઠનો ટૂંકમાં પરિચય

મહાત્મા ગાંધીએ ભારતીય આંદોલનોને જનસત્યાગ્રહોમાં પરિવર્તિત કર્યોં અને ભારતને આઝાદ કરાવ્યું. સત્યાગ્રહોમાં ભાગ લેનારને સત્યાગ્રહી તરીકે ઓળખાવ્યા. સત્યાગ્રહને વધુ તિવ્ર બનાવવા સત્યાગ્રહીઓ તૈયાર કરવા, સત્ય અને અહિંસાની રાહ પર સત્યાગ્રહ કરી શકે તેવા તથા સ્વદેશી શિક્ષણ, પ્રાર્થના, ખાદી અને સમૂહજીવનથી વિદ્યાર્થીના ચરિત્રનું ઘડતર કરવા ઇ.સ.1920 માં અમદાવાદ ખાતે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી હતી.

### 7. ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયનો ટુંકમાં પરિચય

ઇ.સ.1920થી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના પ્રાંગણમાં આવેલું ગ્રંથાલય ઘણા વર્ષોથી વિકસિત થઈ રહ્યુ છે. જેમાં ગુજરાતના પુસ્તકો, જર્નલો અને હસ્તપ્રતોનો સૌથી વધુ સંગ્રહ ધરાવે છે. આ ગ્રંથાલય પાસે 6 લાખથી પણ વધુ પુસ્તકો, પુસ્તકોના વોલ્યુમ સેટ, પુસ્તીકાઓ, ગ્રંથો, નવલકથાઓ, દુર્લભ ગ્રંથો, સંદર્ભ ગ્રંહો વગેરેનો સંગ્રહ ધરાવે છે. આવા દરેક પ્રકારના સાહિત્યની જાળવણી અને સાચવણી તેમજ તેને વાંચકો સુધી સરળતાથી પહોચાડવા માટે ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં વિભાગો જોવા મળે છે.

### 8. ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયના અમુદ્રિત માહિતીસ્ત્રોતો

ગૂજરાત વિદ્યાપીઠના પ્રાંગણમાં કાર્યરત વિવિધ વિદ્યાશાખાને આધીન વૈવિધ્યસભર મુદ્રિત અને અમુદ્રિત માહિતી સ્ત્રોતો વસાવેલ છે જે નીચે મુજબ છે.

ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

અમુદ્રિત માહિતી સ્ત્રોતો

| | |
|---|---|
| ઈ-બુક્સ | 200000 થી વધુ |
| ઈ-જર્નલ | 15000 થી વધુ |
| ડેટાબેઝ | 25 થી વધુ |
| ઈ-થીસીસ/ડિજરટેશન | 15000 થી વધુ |
| સીડી, ડીવીડી, અન્ય | 4000 થી વધુ |

**9. ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયની પ્રવૃત્તિઓ**

ગૂજરાત વિદ્યાપીઠમાં ઓપન એક્સેસ: ઈ-રિસોર્સની બાબતે વિદ્યાર્થીઓની જાગૃતતા અંગેના અભ્યાસના ભાગરૂપે આધુનિક ટેક્નોલોજી ગુગલ ફોર્મ દ્વારા કુલ 100 પ્રશ્નાવલીઓની વહેચણી કરવામાં આવી હતી, જેમાંથી 60 ઉત્તરવહીઓ પરત આવેલ છે. જેમાંથી અધૂરી માહિતી તથા વિષયના બહારની માહિતીવાળી પ્રશ્નાવલીઓને બાદ કરતા કુલ 50 ઉત્તરવહીઓને 100% લેખે ગણતરી કરીને પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન રજૂ કરવામાં આવેલ છે જેને સરળતાથી સમજી અને ઉકેલી શકાય તે માટે કોષ્ટક, ગ્રાફ તેમજ સાંખ્યાકીય તથા શાબ્દિક માહિતીના રૂપમાં આ પ્રમાણે છે.

**10. ઓનલાઈન પબ્લિક એક્સેસ કેટેલોગની જાગૃતતાનું વિવરણ**

ઓપેક એટલે કે ઓનલાઈન પબ્લિક એક્સેસ કેટેલોગ પ્રત્યે ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની જાગૃતતા દર્શાવતો ગ્રાફ નીચે પ્રમાણે છે.

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026




ઓપેકની જાગૃતતા દર્શાવતો ગ્રાફ

ઉપરોક્ત ગ્રાફ પ્રમાણે ગૂજરાત વિદ્યાપીઠમાંથી પ્રાપ્ત કુલ 50 પ્રશ્નાવલીઓના 90% વિદ્યાર્થીઓ ઓપેક પ્રત્યે જાગૃત છે, જ્યારે 10% જાગૃત નથી. ગ્રાફને ધ્યાનથી જોતા જણાય છે કે ગૂજરાત વિદ્યાપીઠમાં ઓપેક પ્રત્યે જાગૃત વિદ્યાથીની સંખ્યા અજાગૃત વિદ્યાર્થીઓ કરતા ઘણી જ વધારે છે. ટુંકમાં ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ ઓપેક પ્રત્યે જાગૃત છે તેમ કહી શકાય.

11. **ઈ-લાઈબ્રેરીના ઉપયોગનું વિવરણ**

પ્રાપ્ત માહિતી અનુસાર ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ નીચે પ્રમાણે અન્ય ઈ-લાઈબ્રેરીનો ઉપયોગ કરે છે.



ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

ઈ-લાઈબ્રેરીનો ઉપયોગ દર્શાવતો ગ્રાફ

ઉપરોક્ત ગ્રાફ પરથી એ સ્પષ્ટ થાય છે કે કુલ 50 ઉત્તરદાતાઓમાંથી 86% એટલે કે 42 ઉત્તરદાતાઓ અન્ય ઈ-લાઈબ્રેરીનો ઉપયોગ કરી પોતાના અભ્યાસને લગતી માહિતી પ્રાપ્તિના સ્રોતો તરીકે ઈ-લાઈબ્રેરી પર ઉપલબ્ધ માહિતીસ્રોતોનો ઉપયોગ કરે છે.

**12. ઈ-રિસોર્સના ઉપયોગનું વિવરણ**

ગૂજરાત વિદ્યાપીઠના ઉત્તરદાતાઓ એટલે કે વિદ્યાર્થીઓ તરફથી પ્રાપ્ત માહિતી પ્રમાણે તેનું ઈ-રિસોર્સના ઉપયોગ અંગેનું કોષ્ટક નીચે પ્રમાણે છે.

ઈ-રિસોર્સનો ઉપયોગ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | સ્રોત | સંખ્યા |
|---|---|---|
| 1 | ઓનલાઈન ડેટાબેઝ | 36 |
| 2 | ઈ-બુક્સ/ઈ-જર્નલ | 6 |
| 3 | ઓનલાઈન ડેટાબેઝ અને ઈ-બુક્સ/ઈ-જર્નલ | 16 |
| 4 | અન્ય સાધનો | 12 |
| | કુલ | 70 |

ઉપરોક્ત કોષ્ટક પરથી ફલિત થાય છે કે બન્ને ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ ઓનલાઈન ડેટાબેઝનો ઉપયોગ કરતા વધુ જોવા મળે છે.

**13. ઈ-રિસોર્સ પરથી જરૂરિયાતોને સંતોષ**

પ્રાપ્ત માહિતી પરથી ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓના અભ્યાસના સંદર્ભે ઈ-રિસોર્સ તેમની જરૂરિયાતોને સંતોષે કે કેમ તેની વિગત નીચે પ્રમાણે છે.

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026




ઈ-રિસોર્સ પરથી જરૂરિયાતોને સંતોષ્ટી દર્શાવતો ગ્રાફ

ઉપરોક્ત ગ્રાફ પરથી સ્પષ્ટ થાય છે કે ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓમાં રિસોર્સના સંદર્ભમાં 91% વિદ્યાર્થીઓ ઈ-રિસોર્સથી સંતુષ્ટ છે, જ્યારે 9% વિદ્યાર્થીઓ ઈ-રિસોર્સથી સંતુષ્ટ જણાતા નથી.

**14. ઈ-રિસોર્સ કે ઈ-સ્ત્રોતો પ્રત્યે જાગૃતતાનું વિવરણ**

પ્રાપ્ત માહિતી પરથી ઈ-રિસોર્સ કે ઈ-સ્ત્રોતો પ્રત્યે વિદ્યાર્થીની જાગૃતતાનું સ્તર નીચે મુજબ છે

ઈ-રિસોર્સ કે ઈ-સ્ત્રોતો પ્રત્યે જાગૃતતા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | જાગૃત | 31 | 62% |
| 2 | કંઇક અંશે જાગૃત | 16 | 32% |
| 3 | અજાણ | 3 | 6% |
| | કુલ | 50 | 100% |

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે કુલ સંખ્યા એટલે કે 50 ના 62% ઉત્તરદાતાઓ ઈ-રિસોર્સ કે ઈ-સ્ત્રોતો પ્રત્યે જાગૃત છે અને 32% ઉત્તરદાતાઓ કંઈક અંશે જાગૃતતા ધરાવે છે, જ્યારે ફક્ત 6% ઉત્તરદાતાઓ ઈ-રિસોર્સ કે ઈ-સ્ત્રોતો પ્રત્યે જાગૃત નથી.

## 15. તારણો

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં મુદ્રિત અને અમુદ્રિત બન્ને પ્રકારના માહિતીસ્ત્રોતોની સૂવિધા ઉપલબ્ધ છે, વાંચકો વધુ પડતા મુદ્રિત માહિતીસ્ત્રોતોનો ઉપયોગ વધુ કરે છે.

- ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં ઓપેક જેવા આધુનિક ટેક્નોલોજી જોવા મળે છે, ત્યાંના દરેક વાંચકો તેનો ઉપયોગ કરે છે.
- ગૂજરાત વિદ્યાપીઠના પ્રવાહના વિદ્યાર્થીઓ ઈ-રિસોર્સનો ઉપયોગ કરે છે.
- ગૂજરાત વિદ્યાપીઠમાં ઓપેક પ્રત્યે 97% વિદ્યાર્થીઓ જાગૃત છે.
- કુલ વિદ્યાર્થીઓમાંથી 66% ઉત્તરદાતાઓ ઈન્ટરનેટ દ્વારા માહિતી પ્રાપ્ત કરે છે.
- ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં ઈન્ટરનેટની સૂવિધા છે, જે લાભ 85% જેટલા વાંચકો લે છે.
- વર્તમાન વિદ્યાર્થીઓ પોતાની અભ્યાસલક્ષી માહિતી ઈન્ટરનેટ દ્વારા વધુ પ્રાપ્ત કરે છે.
- ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ ઈ-સ્ત્રોતો પ્રત્યે જાગૃતતા ધરાવે છે.
- ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયના વાંચકો તેની સેવાઓ અને સુવિધાઓથી 100% સંતુષ્ટ છે.

## સંદર્ભ


- કડીકર, ભાવિકા (2020). ગૂજરાત વિદ્યાપીઠના પીએચ.ડી. અને એમ.ફિલ. ઉપભોક્તાઓની માહિતી પ્રાપ્તિની વર્તણૂકનો અભ્યાસઃ એક અધ્યયન. અમદાવાદઃ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
- કડીકર, ભાવિકા. (2023). ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય દ્વારા વાંચકોને મળતી સેવાઓ અને સુવિધાઓઃ એક અધ્યયન. Vidhyayana - An International Multidisciplinary Peer-Reviewed E-Journal 8(5): 1-12
- કડીકર, ભાવિકા (2025). ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાત યુનિવર્સિટીના પીએચ.ડી. ઉપભોક્તાઓની માહિતી પ્રાપ્તિ વર્તણૂકઃ એક તુલનાત્મક અધ્યયન. સુરેન્દ્રનગર યુનિવર્સિટી
- ચુડાસમા, હરપાલસિંહ ઘનશ્યામસિંહ (2022), ભારતની તમામ ઓપન યુનિવર્સિટીઓમાં ચાલતા લાઈબ્રેરી સાયન્સના અભ્યાસક્રમોઃ એક અભ્યાસ, અમદાવાદઃ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીઃ 37
- પંચાલ, જીગીત્સા એ, (2009), 'ગુજરાત રાજ્યના વિશ્વ વિદ્યાલય ગ્રંથાલયોમાં વ્યવસાયિક અને બિન વ્યવસાયિક કર્મચારીગણ દ્વારા ઉપભોક્તાઓને ઉપલબ્ધ થતી માહિતી સેવાઓ, અમદાવાદઃ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
- પટેલ, પારેખ, યોગેશ આર. (2010), "ગુજરાત અને રાજસ્થાન રાજ્યનાં યુનિવર્સિટી ગ્રંથાલયોની માહિતી સેવાઓનો તુલનાત્મક અભ્યાસ", અમદાવાદઃ ગૂજરાત વિદ્યાપીઠ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026


- વાસણાવાળા, કુમુદબેન, 'ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક કક્ષાના અધ્યાપકોનો વાંચનરસ અને માહિતી પ્રાપ્તિની વર્તણૂક: એક અભ્યાસ' ભાવનગર: ભાવનગર યુનિવર્સિટી, અપ્રકાશિત પીએચડી શોધ-નિબંધ
- વિવરણિકા, 2014, ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ